ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૨ ટકા

# સરગાસરણ વિસ્તારમાં ચોર ટોળકીનો તરખાટ

## ૬ મકાનના તાળા તુટ્યા : શ્રીમદ અને રત્નરાજ રેસીડન્સીમાં ચોરી, સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ ચોરી ટોળકી ફરાર



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરોને મોકળું મેદાન મળી જાય છે. તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં અગાઉ થયેલી અઢળક ચોરીના બનાવો પોલીસ ચોપડે વણઉકેલ્યા છે. ત્યારે ગઈકાલ રાત્રીના સુમારે ચડ્ડી બનીયાનધારી ટોળકીએ સરગાસણ વિસ્તારમાં આવેલી શ્રીમદ અને રત્નરાજ રેસીડન્સીને નિશાન બનાવી હતી.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રત્નરાજ રેસીડેન્સીમાં ફ્લેટ નં. ઈ.૫૦૩ માં રહેતા અને રવિ સીડ્સ કોર્પોરેશનમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અરવિંદભાઈ ગોવિંદભાઈ પટેલ સસરાનું શ્રાધ્ધ હોવાથી માણસા ગયા હતા. તે દરમિયાન આ રેસીડન્સીમાં ચડ્ડી બનીયાનધારી ટોળકી ત્રાટકી હતી. રવિવાર સવારે તેમના સંબંધી કમુબેને અરવિંદભાઈને જાણ કરી કે તમારા મકાનનું તાળુ તુટ્યું છે. ચોર ઈસમોએ ઈન્ટર લોક અને મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી બેડરૂમમાં ફર્નીચરમાં આવેલી લોખંડની તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ ૧.૮૧ લાખની મત્તા ચોરી લીધી હતી.

ત્યારબાદ તસ્કરોએ આ જ બ્લોકમાં ઈ.૧૦૩ તથા ડી. ૨૦૨ માં નંબરના મકાનોને પણ નિશાન બનાવી નકુચા તોડ્યા હતા. પરંતુ ઈન્ટરલોક નહીં તુટતા ચોરી કરવામાં સફળ થયા નહોતા. રત્નરાજ રેસીડેન્સીની પાસે આવેલી શ્રીમદ રેસીડેન્સીને પણ આ ટોળકીએ નિશાન બનાવી હતી.જેમાં સી-૫૦૧ માં રહેતા કલ્પના બેન પ્રકાશકુમાર શુકલ કામઅર્થે ભરુચ ગયા હતા. તે સમયે ચોર ઈસમોએ ઘરનુ તાળુ તોડીને સોના ચાંદીના દાગીના મળીને કુલ ૬૦૫૦૦ની મત્તા ચોરી કરી હતા. જયારે આ જ વસાહતમાં એ.૩૦૨ નંબરના મકાનમાં રહેતા મનોજકુમાર રાજારામસિંહ તેમજ બી.૧૦૧૨ માં રહેતા યોગીની બેન જયંતિભાઈ પટેલના બંધ મકાનને પણ તસ્કરોએ નિશાન બનાવી ચોરી કરી લીધી હતી. સવારના સમયે વસાહતીઓને આ ચોરીની ઘટના અંગે જાણ થતા ભારે દોડધામ મચી ગઈ હતી.

આ અંગે સે-૭ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર આવી પહોંચી હતી. અને ડોગ સ્કવોડ તેમજ એફએસએલની મદદથી તસ્કરોને પકડી પાડવા મથામણ શુરુ કરી હતી. જો કે હજુ સુધી ચોર ઈસમોનો અતોપતો લાગ્યો નથી.ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં ચોરીના બનાવો વધતા તંત્ર દ્વારા ઈ-બીટ પેટ્રોલીંગ પણ શરુ કરવામાં આવ્યું હતું. શહેરમાં વધતી જતી ઘરફોડ ચોરીને પગલે નાગરીકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ત્યારે પોલીસ તંત્રએ ચોર ઈસમોને પકડી પાડવા માટે ખાસ કોઈ એકશન પ્લાન ઘડી કાઢવો પડશે.

## ચિલોડા ગેસ્ટ હાઉસમાંથી અર્ધબેભાન અવસ્થામાં મળેલા યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચિલોડા સ્થિત પંજાબ ગેસ્ટ હાઉસ ખાતેથી ગતરોજ સાંજના ૬.૩૦ કલાકના સુમારે એક યુવક આરામ કરી રહ્યો હતો. ત્યારબાદ શું થયું કે તે યુવાન બેભાન થઈ ગયો હતો. ગેસ્ટ હાઉસના કર્મચારીઓએ તેના સગાઓને ફોન કરતા તાત્કાલીક આવી પહોંચ્યા હતા.

ગેસ્ટ હાઉસમાંથી યુવાનને સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં ફરજ પરના તબિબે યુવાનની તપાસ કર્યા બાદ મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ચિલોડાના નજીક આવેલા ડભોડા ગામના રોહિત વાસમાં પોતાના પરિવાર સાથે રહેતો રમેશભાઈ પુરૂષોતમભાઈ પરમાર ઉ.વ.૩૦ ગતરોજ સાંજના સુમારે ચિલોડામાં આવેલા પંજાબ ગેસ્ટ હાઉસના રૂમમાં આરામ કરી રહ્યો હતો. પરંતુ ત્યારબાદ ગેસ્ટહાઉસના કર્ચમારીઓએ ખખડાવતા કોઈ પ્રત્યુતર ન મળતા રૂમમાં નજર કરતા યુવક બેભાન થઈ ગયો હતો. યુવાનના સગાઓને ગેસ્ટહાઉસના કર્મચારીઓને ફોન કરી બોલાવતા તેઓ પણ દોડી આવી પહોંચ્યા હતા અને તાત્કાલીક યુવાનને અમદાવાદ સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો,પરંતુ ફરજ પરના તબિબે યુવાનને તપાસ કરીને મૃત જાહેર કર્યો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જયારે એફએસએલમાં વિશેરા મોકલવામાં આવ્યા છે તેના રીપોર્ટ બાદ યુવાનના મૃત્યુનું સાચુ કારણ જાણી શકાશે.

## સિ.સિ.કા.ની મહિલા પાંખની બહેનો મગોડી વૃદ્ધાશ્રમની મુલાકાતે



સીનીયર સીટીઝન કાઉન્સિલની મહિલા પાંખની બહેનોએ તારીખ ૬ ઓક્ટોબરના રોજ મગોડી સ્થિત રહેલબા વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. આશ્રમમાં બહેનો અને ભાઈઓ મળીને કુલ ૪૫ જેટલા વરિષ્ઠો આ આશ્રમનો લાભ લે છે. આશ્રમના પ્રમુખ સુશ્રી નિર્મળાબેન તથા ઉપપ્રમુખ વાય.એલ.ઝાલા વરિષ્ઠોની સરસ સંભાળ રાખી રહ્યા છે. તેઓએ સી સી કાની બહેનોને આવકારી હાર્દિક સ્વાગત કર્યુ હતું.

બધા વરિષ્ઠોની ઉપસ્થિતિમાં ભજન ગાઈને સંપૂર્ણ વાતાવરણને પવિત્ર અને ભક્તિમય બનાવી દીધું. આશ્રમની બહેનોએ પણ ભજન ગવડાવ્યા. અંતમાં આરતીનો સમય થતાં પ્રભુની આરતી ઉતારવામાં આવી અને ત્યારબાદ કાઉન્સિલની બહેનોએ દૈનિક જરૂરિયાતની તેમજ અન્ય ચીજ વસ્તુઓ (સુકો નાસ્તો, બિસ્કીટ, ચોકલેટ, ફળ-ફળાદી, કોલગેટ ટુથપેસ્ટ, નેપકીન, સાબુ, ખજૂર,તેલ અને તુવર દાળ) વિ. નું સર્વને વિતરણ કર્યું. ત્યારબાદ બધાએ સુખદ સંભારણું લઈ વિદાય લીધી હતી.




ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા ફતેપુરા પ્રાથમિક શાળાના બાળકોને ટૂથ બ્રશ, ટૂથપેસ્ટ, ઉળિયું અને નેપકીનની કીટ વિતરણનો કાર્યક્રમ તા. ૫/૧૦/૧૮ ના શુક્રવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન પરિષદની મહિલા પાંખ દ્વારા કરવામાં આવ્યું હતું. બાળકોને દિવસમાં બે વખત દાંત સાફ કરવા, ઘર અને ઘરની આજુબાજુ સફાઈ રાખવા અને વ્યસનથી દુર રહેવા માટે સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં પરિવારની બહેનો મોટી સંખ્યામાં જોડાઈ હતી.



સેકટર-૩-ન્યુ વસાહત મહામંડળ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, જિલ્લા રમત-ગમત અધિકારી ગાંધીનગર દ્વારા લોકડાયરો રાત્રિના ૮.૩૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાયો હતો. ડાયરામાં મુખ્ય કલાકાર તરીકે રાજેન્દ્રભાઈ શ્રીમાળી તથા નરહરદાન ગઢવી, જયેશભાઈ આગજા, પ્રવકતા એચ.ટી. પરમાર તથા કમીટીના સભ્યો અને વસાહતીઓએ મોટી સંખ્યામાં હાજર રહી ડાયરાની મોજ માણી હતી.

## અવસાન નોંધ

ગાંધીનગર શહેરનો અડીનો આવેલા કોલવડા ગામના અને બેતાલીસ ગોર દરજી સમાજના સુભદ્રાબેન શંકરભાઈ દરજીનું આજ રોજ તા. ૭ ઓકટોબરને રવિવારના રોજ અચાનક દુઃખદ અવસાન થયું છે. સ્વ. સુભદ્રાબેનનું બેસણું તા. ૮ ઓકટોબરને સોમવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન વાડી નં.૨ વેરાહી માતાના મંદિર પાસે, કોલવડા ગાંધીનગર ખાતે યોજાશે.

## @ગાંધીનગર

● શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સાંજે ૫ કલાકે સે-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે.

## બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પિતૃ-તર્પણ વિધિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

શ્રાવણ માસ શ્રાધ્ધ પક્ષનો છેલ્લો દિવસ એટલે વદ અમાવસ્યા. જે સર્વ પિતૃ અમાવસ્યા તરીકે જાણીતો છે. સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૬ દ્વારા આ દિવસે દર વર્ષની જેમ ચાલુ વર્ષે સેકટર-૨૭ના રંગમંચ ખાતે સવારના ૭ થી ૮.૩૦ કલાક દરમિયાન વિષ્ણુપૂજન-પિતૃ તર્પણ વિધિ ધાર્મિક કાર્યક્રમ સે-૨૬ના બ્રહ્મબંધુઓ માટે રાખેલ છે. જેનો લાભ લેવા ઈચ્છુકોએ તેઓનું નામ નોંધાવવા મહેશભાઈ પુરોહિત (મો.નં. ૯૮૨૪૬૩૧૬૧૮) તથા દિનેશ જાની (મો.નં. ૯૬૮૭૬૨૩૬૭૭)નો સંપર્ક કરવો તેમ દિનેશભાઈ જાનીએ જણાવ્યું છે.

## આજે બોર્ડ નિગમના કર્મચારીઓ બલરામ ભવન ખાતે સૂત્રોચ્ચાર કરશે

ગાંધીનગર, તા.૭

બોર્ડ નિગમ, સરકારી સાહસો અને નગરપાલિકા કર્મચારીઓ છેલ્લા પાંચ દિવસથી વિવિધ કચેરી ખાતે રીશેષના સમયે સરકારની અન્યાયકારી નીતિઓ અંગે વિરોધ પ્રદર્શન કરીને સુત્રોચ્ચાર કરે છે પરંતુ સરકારે આ કર્મચારીઓની પડતર માંગણીઓ અંગે મૌન ધારણ કરી લીધું છે. ત્યારે તા. ૮ ઓકટોબરના રોજ કર્મચારી મંડળના હોદ્દેદારો કર્મચારીઓ સે-૧૨ બલરામ ભવન ખાતે એકઠા થઈ આગળની રણનિતી તૈયાર કરશે જેથી બોર્ડ નિગમો અને નગરપાલિકાના સભ્યોને મોટી સંખ્યામાં હાજર રહેવા પ્રમુખ પ્રવિણભાઈ સુતરીયાએ જણાવ્યું છે.

# "સ્ટેચ્યુ ઓફ યુનિટી" વિશ્વને "સરદાર વિચાર"ની નવી દિશા ચિંધશે

## "ગાંધી વિચાર" પછી હવે "સરદાર વિચાર"ને પ્રસરાવવા સક્ષમ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતની નવી ઓળખ બનશે : વૈચારિક તફાવત સાથે વ્યક્તિગત ઐક્ય અને વિભાજનકારી વિચારધારા તેમજ વિસ્તારવાદ સામે સ્વમાન સાથેનું એકત્વ એટલે સરદાર પટેલનું વ્યક્તિત્વ




ગાંધીનગર, તા. ૭

"સરદાર પટેલ" એટલે લોખંડી મનોબળ ધરાવતું એક સંવેદનશીલ કાળજુ. અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયેલ ભારતનો ૫૬૨ જેટલાં ટુકડાંઓમાં વેરવિખેર થતું અટકાવી અર્વાચીન ભારતવર્ષને અખંડિત સ્વરૂપ આપવાનું ભગીરથ કાર્ય કરવાની વિશ્વભરમાં અજોડ કુનેહ દાખવનાર વિરલ વ્યક્તિત્વ. તેમના વ્યક્તિત્વની વિશાળતામાં સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂન ભંગની ચળવળ, હિંદ છોડો આંદોલન જેવા અઢળક સોપાનો સમાયેલા છે. અખંડ ભારતના આ શિલ્પી એકતાના પ્રહરી સમા હતા અને તેથી જ ગુજરાત સરકાર દ્વારા "સરદાર"ના સંદેશને માત્ર રાજયની નહી પરંતુ સમગ્ર રાષ્ટ્રની ઐતિહાસિક ધરોહર તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસરૂપે તેમની ૧૮૨ મીટર ઊંચી વિશાળ "એકતાની મૂર્તિ" એટલે કે "સ્ટેચ્યુ ઓફ યુનિટી"નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે તેના અંતિમ તબક્કામાં છે અનો આગામી તા. ૩૧મી ઓક્ટોબર "સરદાર જયંતિ"ના દિને તેનું લોકાર્પણ કરાશે.

કરમસદનો તેજસ્વી વિદ્યાર્થી સફળ બેરિસ્ટર બન્યા અને મહાત્મા ગાંધી સાથે મુલાકાત થયા પછી તેમના સત્યાગ્રહમાં મહત્વનું અંગ બની રહ્યા હોવા છતાં વૈચારિક રીતે વ્યક્તિગત તફાવતને સમાન અંતરે જાળવી, વિકસાવી ઐક્ય સાધવાનું કામ તો માત્ર સરદાર જ કરી શકે. ગુજરાતે રાષ્ટ્રને રાજકીય ક્ષેત્રે આપેલ બે મહાન વિભૂતિઓ ગાંધી અને સરદાર સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની "સ્વમાન સાથેની સદ્ભાવના" તથા "વિચારભેદ સાથેની એકતા"નો સંદેશ પ્રસરાવી રાષ્ટ્રની સાચી ઓળખ પ્રસ્થાપિત કરતી દિવાદાંડી સમાન બની રહ્યાં છે. વર્ષ ૨૦૦૮માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સરદાર પટેલની આ ઓળખને દુનિયામાં અનન્ય હોય તેવા રાષ્ટ્રી સ્મારકમાં પ્રસ્થાપિત કરવાનો વિચાર વ્યક્ત કર્યો અને વર્ષ ૨૦૧૩માં તેમણે "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ના નિર્માણ માટે ભૂમિપૂજન કર્યુ જે હવે તેમના વડાપ્રધાન પદે પરિપૂર્ણ થવા જઈ રહ્યું છે. માત્ર કદની દૃષ્ટિએ નહી પરંતુ વૈચારિક દૃષ્ટિએ આગામી સમયમાં "સ્ટેચ્યુ ઓફ યુનિટ" ભારતની નવી ઓળખ બની રહેશે તેમાં શંકાને સ્થાન નથી પરંતુ તેની સાથે ગુજરાત સહિત સમગ્ર રાષ્ટ્રને પ્રવાસન ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી સ્થાન પ્રદાન કરી નવી દિશા તરફ લઈ જવા પણ સક્ષમ છે.





"સ્ટેચ્યુ ઓફ યુનિટી" ૧૮૨ મીટરની ઊંચાઈ સાથે હાલ વિશ્વની સૌથી ઊંચી પાંચ પ્રતિમાઓ કરતા વધુ ઊંચાઈ પ્રાપ્ત કરશે. વિશ્વમાં અત્યારે સૌથી ઊંચી પ્રતિમા ચીનમાં સ્પ્રિંગ ટેમ્પલની ગૌતમ બુદ્ધની છે જે ૧૫૩ મીટર ઊંચાઈ ધરાવે છે, તેના પછી જાપાનની ઉશિકુ દાઈબુત્સુ તરીકે જાણીતી ભગવાન બુદ્ધની જ પ્રતિમા ૧૨૦ મીટરની છે. અમેરિકાની જગવિખ્યાત પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ લિબર્ટી" ૯૩ મીટરની છે, રશિયાની 'ધ મધરલેન્ડ કૉલ્સ'' ૮૫ મીટર અને બ્રાઝીલની 'મીટર ક્રાઈસ્ટ ધરીડીમર'' પ્રતિમા ૩૯.૬ મીટર ઊંચાઈ ધરાવે છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પરના "સરદાર સરોવર ડેમ" નજીક નદીની મધ્યમાં સાધુબેટ ખાતે નિર્માણાધીન "સ્ટેચ્યુ ઓફ યુનિટી" ૨૫ મીટર ઊંચી પિઠીકા પર પ્રસ્થાપિત થઈ રહી છે અને અંદાજે ૨૩૩૨ કરોડ રૂપિયાના ખર્ચે ૧૯ હજાર સ્કેવેર મીટરની વિશાળ જગ્યામાં આ સરદાર પટેલ સ્મારક પ્રોજેક્ટનું નિર્માણ થઈ રહ્યું છે. ૭૦ હજાર ટન સિમેન્ટ, ૧૮,૫૦૦ ટન રીઈન્ફોર્સમેન્ટ સ્ટીલ, ૬ હજાર ટન સ્ટક્ચર સ્ટીલના ઉપયોગ સાથે ૨૨,૬૦૦ ચોરસમીટરનું કાંસાનું આવરણ ધરાવતી આ પ્રતિમા ૧૭૦૦ મેટ્રિકટન વજનની બનશે. આશરે ૪ હજાર જેટલા કારીગરો અને ૨૫૦થી વધુ ઈજનેરોના સહિયારા પ્રયાસ થકી નિર્માણાધીના આ સ્મારક ખાતે સરદાર પટેલના જીવનચરિત્રને ઉજાગર કરતું મ્યુઝિયમ પણ બનશે. જેમાં ૪૦ હજાર જેટલાં દસ્તાવેજો, ૨ હજારથી વધુ ફોટોગ્રાફસ તેમજ રિસર્ચ સેન્ટર હશે જે પ્રવાસીઓને સરદારની વિશાળતા સાથે પરિચય કરાવશે. "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ની આસપાસ નર્મદા તટે ૧૭ કિમીમાં ૨૩૦ હેકટર વિસ્તારમાં દેશ-વિદેશના રંગબેરંગી ફુલોથી સજ્જ ફ્લાવરવેલી તૈયાર કરાશે તેમજ નજીકમાં જ અનેક દેશોના દૂતાવાસ તથા તમામ રાજ્યોના અતિથિભવનો પણ નિર્માણ પામશે અને સમગ્ર પ્રોજેક્ટના નિર્માણમાં રાજ્ય સરકારની ભૂમિકા પ્રસંશનીય રહી છે.

"સ્ટેચ્યુ ઓફ યુનિટી"ની ખાસિયત એ છે કે તેમાં હાઈસ્પીડ એલિવેટર્સ વડે એક સાથે પ્રતિદિન ૩ હજાર જેટલા મુલાકાતીઓને પ્રતિમામાં સરદાર પટેલની છાતીના ભાગે બનનાર વ્યુઈંગ ગેલેરી એટલે કે પ્રદર્શન અયરી સુધી લાવવા લઈ જવાની સુવિધા આપશે અને આ પ્રદર્શન અટારીમાંથી એક સાથે ૨૦૦ જેટલા પ્રવાસી ઉભા રહી સરદાર સરોવર ડેમ, સાતપુડા અને વિંધ્યાચળની પર્વતમાળા, ફલાવરવેલી વગેરેનો રોમાંચક નયનરમ્ય નજારો માણી શકશે. આ સમગ્ર પ્રોજેક્ટનું મહત્વનું આકર્ષણ બની રહેશે. "સ્ટેચ્યુ ઓફ યુનિટી" એ એન્જિનીયરીંગ અને પ્રવાસન ક્ષેત્રના સંશોધકો-વિદ્યાર્થીઓ મોટ પણ મહત્વનું સ્થળ બની રહેશે. "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ની સૌથી અગત્યની વિશેષતા એ છે કે તેના નિર્માણમાં ભારતના ૧.૭૦ લાખ ગામોમાંથી ભૂમિપુત્રોએ તેમના ખેતીના ઓજારમાંથી લોખંડનો ટુકડો ભેટ આપ્યો છે જેનું કુલ એકત્રિકરણ ૧૩૪ ટન થયું હતું. આ લોખંડને શુદ્ધિકરણ કરી તેમાંથી ૧૦૯ ટન લોખંડ વાપરવામાં આવ્યું છે.

સરદાર પટેલ એક ભૂમિપુત્ર હતા અને માતૃભૂમિના સાચા સેવક હતા અને તેમણે વિસ્તારવાદ તથા આંતકવાદ થકી વિભાજનકારી ચક્રવ્યૂહમાં ફસાઈ રહેલ દુનિયાને શાંતિ સાથે વિચારભેદને સ્વીકારી એકત્વનો સંદેશ પાઠવ્યો હતો અને તેને દૃઢતા સાથેના લોખંડી મનોબળથી જીવી દેખાડ્યો હતો. "સ્ટેચ્યુ ઓફ યુનિટી" વિશ્વને ગાંધી પછી "સરદાર વિચાર"ની દિશા ચિંધવા સાથે રાષ્ટ્રની સન્માનનીય ઓળખને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા યથાસ્થઆને જ છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com